# ટૂર ગાઈડ (પ્રવાસ માર્ગદર્શક)

ટુર ગાઈડ એવા વ્યાવસાયિક છે કે જેમને ટૂર અથવા તો પ્રવાસ મુલાકાતનું નેતૃત્ત્વ કરવા માટે સરકાર દ્વારા પ્રમાણિત કરી, લાઈસન્સ આપવામાં આવેલ હોય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમને નેતૃત્વ કરવું ગમે છે
- તમે લોકોને તમારા માર્ગદર્શનને અનુસરવા માટે પ્રેરી શકો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ટુરિઝમ સ્ટડીઝ / ટૂરિઝમ મેનેજમેન્ટ / ટ્રાવેલ એન્ડ ટૂર મેનેજમેન્ટ / હોસ્પિટેલિટી મેનેજમેન્ટ / પુરાતત્વ અથવા અન્ય કોઈ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. અને ટૂર ગાઈડ તરીકે કામ કરવા માટે પર્યટન મંત્રાલય દ્વારા મંજૂર કરાયેલ લાઈસન્સ મેળવો. **અથવા**

ટુરિઝમમાં બેચલર ઓફ વોકેશન (BOV)ની ડિગ્રી પૂર્ણ કરો અને ટૂર ગાઈડ તરીકે કામ કરવા માટે પ્રવાસન મંત્રાલય દ્વારા મંજૂર કરાયેલ લાઈસન્સ મેળવો **અથવા**

પ્રવાસન/પ્રવાસ અને પર્યટન/પર્યટન વ્યવસ્થાપનમાં ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર મેળવો અને પ્રવાસન માર્ગદર્શક તરીકે કામ કરવા માટે પ્રવાસન મંત્રાલય દ્વારા મંજૂર કરાયેલ લાઈસન્સ મેળવો. **અથવા**

ટૂર ગાઈડ વિષય સાથે નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) લેવલ ૪ની યોગ્યતા પ્રાપ્ત કરો અને ટૂર ગાઈડ તરીકે કામ કરવા માટે પ્રવાસન મંત્રાલય દ્વારા મંજૂર કરાયેલ લાઈસન્સ મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ટૂર ગાઈડનું માસિક પગાર મહિને આશરે **રૂ. ૭૫,૦૦૦ થી ૧,૬૭,૦૦૦*** જેટલો હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Tour_Guide/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કેન્દ્ર અને રાજ્ય સરકારના ધાર્મિક/પૌરાણિક ધરોહરો/ઐતિહાસિક સ્થળો, ટ્રાવેલ એજન્સીઓ, સંગ્રહાલયો, આઉટડોર માર્ગદર્શિત પ્રવાસો (પર્વતારોહણ/સ્કીઇંગ/સ્કુબા ડાઇવિંગ) અને સફારીઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સ્વતંત્ર રીતે પણ કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ફિલ્ડ જોબ છે. તમે પ્રવાસીઓની ટીમનું સંચાલન કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. એજન્સીઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. એજન્સી મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

ટૂર ગાઈડ → સ્પેશિયાલિસ્ટ ગાઈડ → ટૂર મેનેજર → ટૂર ડિરેક્ટર → ટૂર લીડર → ઓપરેશન્સ મેનેજર → પ્રોડક્ટ મેનેજર → ટૂરીઝમ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટૂર ગાઈડ, ટૂર ગાઈડ એક્ઝિક્યુટિવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ ટ્રાવેલ એન્ડ ટુરીઝમ તથા ટ્રાવેલ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. પંજાબ યુનિવર્સિટી, પટિયાલા
૨. મદ્રાસ યુનિવર્સિટી, ચેન્નાઈ (ડિપ્લોમા)
૩. મહર્ષિદયાનંદ યુનિવર્સિટી, રોહતક
૪. આઈ.ટી.એમ. વૉકેશનલ યુનિવર્સિટી, વડોદરા
૫. મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુર
૬. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય આદિજાતિ યુનિવર્સિટી, અમરકંટક
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટુરીઝમ એન્ડ ટ્રાવેલ મેનેજમેન્ટ, ગ્વાલિયર
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૨. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૩. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૪. એમિટી યુનિવર્સિટી, મુંબઈ
૫. એમિટી યુનિવર્સિટી, ગુરુગ્રામ
૬. આઈ.ટી.એમ. વૉકેશનલ યુનિવર્સિટી, વડોદરા
૭. એન.આઇ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૮. એન.એસ.એચ.એમ. નોલેજ કેમ્પસ, કોલકાતા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- mybharat.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

ચોવીસ વર્ષિય **કોમલ દરીરા** વુમન ફોર વર્લ્ડના સંસ્થાપક છે, જે પ્રવાસનું આયોજન કરતી સંસ્થા છે. તેઓ જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે દિલ્હીની બહાર આવેલી ટ્રાવેલ કંપની, ઈન્ટ્રેપીડ ટ્રાવેલ માટે તેમણે ટુર ગાઈડ તરીકેની પોતાની બિનપરંપરાગત કામગીરી શરૂ કરી હતી. તેણીએ ગુરુ ગોવિંદ સિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટીમાંથી માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે.*

સ્રોત: https://www.traveldailymedia.com/iwta-komal-darira-women-for-world/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.